| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૦૬/૦૧/૨૦૨૫ | | |
| **નોંધણી તારીખ** | ૦૬/૦૧/૨૦૨૫ | | |
| **ફેંસલ તારીખ** | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| **વ્યતિત સમય** | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૧૭ |

==================================

**મે.સુરેન્દ્રનગરના મે. ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

==================================

**રેગ્યુલર સીવીલ સ્યુટ નં.૦૮/૨૦૨૫**

**આંક:**

**વાદી** : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

મુ. રાજકોટ

સીટી સબ ડીવીઝન–૨

હે.: જુના પાવર હાઉસ, સોનાપુર રોડ, મુ. સુરેન્દ્રનગર

**વિરુધ્ધ**

**પ્રતિવાદી** : પુનીતાબેન સુરેશભાઈ શેઠ
હે.સી.૭૦૫, પરીવાર એપાર્ટમેન્ટ
ઘર હોતો એસા કમ્પાઉન્ડ
સુરેન્દ્રનગર, તા.વઢવાણ ,જિ.સુરેન્દ્રનગર.

==================================================

| |
|---|
| **દાવો : રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા વસુલ મેળવવાનો..** |
| વાદી તરફે વિ.વ.શ્રી કે.બી.ઝાલા<br>પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી કોઈ હાજર નથી. |

==================================================

**-::JUDGEMENT ::-**

**૧.) પ્રસ્તાવના :**

આ કામના વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ હાલનો દાવો કરીને

લેણી રકમ વસુલાત માટેનો દાવો કરી તે સંબંધેની નીચે મુજબની પ્રતિવાદી વિરુઘ્ધ દાદની માંગણી કરેલ છે. (૧) અમો વાદી વીજ કંપનીના પ્રતિવાદી પાસે પાવર ચોરીના બીલની લેણી રકમ રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા તેમજ ડીલે પેમેન્ટ ચાર્જીસના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા એમ મળીને કુલ રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા વાદી વીજ કંપનીના પ્રતિવાદી પાસે લેણા રહે છે તે રકમ તેમજ તેના ઉપર વાદી વીજ કંપનીના નિયમ મુજબ ૧૮% ટકા મુજબ ચડતા વ્યાજથી પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ લઈ શકાય તેવું હુકમનામું અમો વાદી વીજ કંપનીના લાભમાં અને પ્રતિવાદી વિરૂઘ્ધ કરી આપવા હુકમ કરવા મ્હે. કરશોજી.

(બી) ન્યાય અને ઈકવીટીનાં ધોરણે બીજી જે કાંઈ દાદ અપાવી શકાય તે દાદ અપાવવા મ્હે. અપાવશોજી.

(સી) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા હુકમ કરવા મ્હે. કરશોજી.

## ૨.) કેસની હકિકત:

૨.૧) ગુજરાત વિદ્યુત બોર્ડ ઈલેકટ્રીકસીટી એકટની કલમ–પ મુજબ રચાયેલ બોર્ડ હતુ. ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન) એકટ– ૨૦૦૩ અન્વયે ગુજરાત રાજય ગુજરાત વિદ્યુતબોર્ડની રચના કરેલ છે તેમજ ગુજરાત સરકારે આ હેતુ માટે ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ(રી–ઓર્ગેનાઈઝેશન એન્ડ ટ્રાન્સફર સ્કીમ) ૨૦૦૩ તથા ગુજરાત ઈન્ડોસીટી રી–ઓર્ગેનાઈઝેશન એન્ડ કોમ્પ્રેસીવ ટ્રાન્સફર સ્કીમ–૨૦૦૩ ના નોટિફિકેશન બહાર પાડેલ છે. આ કાયદા તથા નોટિફિકેશન નીચે ગુજરાત વિદ્યુત બોર્ડની તમામ મિલ્કતો, જવાબદારી અને કાર્યવાહી લેણું–દેણું જુદી જુદી કંપનીની રચના થતા સુરેન્દ્રનગર જિલ્લાના બોર્ડની કચેરીનું પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ને ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જેથી તે ઉપર જણાવેલ રકમ વાદીને ટ્રાન્સફર થયેલ

હોય, દાવાવાળી રકમ પ્રતિવાદી પાસેથી વસુલ લેવા વાદી વીજ કંપની હકકદાર છે. વાદી કંપનીની વર્તુળ કચેરી શિવ હોટલ પાસે સુરેન્દ્રનગર આવેલ છે અને સીટી સબ ડીવીઝનલ કચેરી ઠે. સોનાપુર રોડ પર સુરેન્દ્રનગર મુકામે આવેલ છે.

૨.૨) વાદી ઈલેકટ્રીકસીટી એકટ તથા ઈલેકટ્રીકસીટી એમ્પાયર્સ એકટની કલમ–૫ મુજબ એક સ્ટેચ્યુટરી બોર્ડ છે અને લાયસન્સી પણ છે. વીજળી વાપરનારા ગ્રાહકોને ધોરણસરનાં કાયદા અને કરાર મુજબ તથા બોર્ડના વખતોવખતનાં નિયમો તથા શરતોને આધીન ઔદ્યોગિક, ઘર વપરાશ, ખેતીનાં હેતુ માટે વીજળીનો પુરવઠો આપે છે.

૨.૩) તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ જી.યુ.વી.એન.એલ. ચેકી ગ ડ્રાઈવમાં પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ તથા કર્મચારીઓ પ્રતિવાદીના વીજ ચેકીંગ કરવા ઉપસ્થિત થયેલ. સદર સ્થળ પર હાજર અભિષેકભાઈના જણાવ્યા મુજબ સદર સ્થળ પર પુનીતાબેન સુરેશભાઈ શેઠની માલિકીનું મકાન આવેલ છે અને તેઓ પી.જી.વી.સી.એલ.નું કોઈપણ પ્રકારનું કાયદેસરનું વીજ કનેકશન ધરાવતા નથી. વધુ તપાસ કરતા સદર ઈસમે પોતાના ઘરની નજીક આવેલ એલ.ટી.ના વીજ પોલ ઉપર ફેઝ અને ન્યુટ્રલ સાથે ટવીન વાયર જોડી તેના બીજા છેડાઓ પોતાના ઘરમાં સ્વીચબોર્ડમાં ડાયરેકટ જોડાણ કરી બિનઅધિકૃતરીતે વીજ વપરાશ કરે છે. આથી સ્થળ પરથી આશરે ૪ મીટર પીળા કલરનો વાયર કબજે લઈ પાવર બંધ કરેલ છે. વીજ ચેકીંગ સમયે હાજર પ્રતિવાદીએ વીજ ચેકીંગ શીટમાં સહી કે અંગુઠો કરેલ નથી તથા અન્ય પંચો સ્થળ પર હાજર ન રહેતા વીજ કંપનીના ચેકીંગ અધિકારીએ તથા તેમના સ્ટાફે સ્થળ ઉપર રોજકામ કરેલ છે.

૨.૪) આ કામના પ્રતિવાદીએ ચેકીંગ શીટની વિગતે કુલ ૨૯૮૯ વોટ વીજળીનો ઉપયોગ વપરાશ કરતાં વીજ ચોરી કરતા પકડાયેલ છે અને સ્થળ ઉપર હાજર પ્રતિવાદીએ ચેકીંગ શીટ નંબર એસ. આર. નં. એસએનસી /સી ૨૩૧૯૮ તથા

કબુલાતનામામાં સહી કરી આપવાની ના પાડતા વીજ કંપનીના અધિકારીઓને રોજકામ કરવાની ફરજ પડેલ છે અને વીજ બોર્ડના ચેકીંગ અધિકારીઓ રૂબરૂ આ કામના પ્રતિવાદી વીજ ચોરી કરતા પકડાયેલ હોય જેથી વીજ ચોરી અંગે કલમ–૧૩૫ મુજબ જી.યુ.વી.એન.એલ. સુરેન્દ્રનગર પો.સ્ટે. ગુના રજી. નં. સેકન્ડ ૧ ૫૧૪/૨૦૨૩ થી રાજેન્દ્રસિંહ રમેશદાન મોડ, ના.ઈ. પી.જી.વી.સી.એલ. સીટી–૨ સબ ડીવીઝન સુરેન્દ્રનગર નાઓએ ફરિયાદ કરેલ છે.

૨.૫) આ કામના પ્રતિવાદીને વીજ ચોરી અંગે વાદી વીજ કંપની ધ્વારા CONSUMER SUPPLIMANTARY BILL DETAILS UNDER SEC-135 મુજબ રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસાનું બીલ આપવામાં આવેલ છે. જે બીલની રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી. જેથી વાદી વીજ કંપની ધ્વારા રજી.એ.ડી. પોસ્ટથી બીલ ભરવા પ્રતિવાદીને તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ પણ આપેલ જે પ્રતિવાદીને બજેલ છે જેની એકનોલોજમેન્ટ રજુ છે. વાદી વીજ કંપનીની લેણી રકમ રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા ભરેલ નથી. પ્રતિવાદી પાસે, વાદી વીજ કંપનીના વીજ ચોરીના છેલ્લા બીલની રકમ રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જીસના રૂા. ૩૮,૩૪૨–૨૨ પૈસા મળીને કુલ રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા બાકી લેણા રહે છે જે રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ ન હોય તેથી આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

૨.૬) આ દાવાનું કારણ પ્રતિવાદી તા. ૧૫/૦૩/૨૦૨૪ ના રોજ વીજ ચોરી કરતા પકડાયેલ ત્યારે તેમજ વીજ ચોરીનુ બીલ આપવામાં આવેલ ત્યારે અને બીલની રકમ ૮ દિવસમા રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી. ત્યારબાદ પ્રતિવાદીને રજી.એ.ડી.થી તા. ૨૦/૦૭/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આપેલ જે પ્રતિવાદીને બજેલ છે. રજી.એ.ડી.એકનોલોજમેન્ટ રજુ કરેલ છે. પ્રતિવાદીએ બીલની રકમ ભરેલ ન હોય જેથી નામદાર અદાલતની હકુમતમાં પ્રતિવાદી

રહેતા હોય અને વીજ ચોરીનો બનાવ પ્રતિવાદીની ઘરની જગ્યામાં બનેલ હોય આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને હાલ પણ ચાલુ છે. જેથી હાલનો દાવો સમય મર્યાદામાં છે.

૨.૭) વાદી વીજ કંપનીએ દાવો રૂા.૨,૧૮,૩૧૧-૦૨ પૈસા વસુલ લેવા માટે કરેલ હોય રૂા. ૮,૩૫૦/- નો ધોરણસરનો કોર્ટ ફી સ્ટેમ્પ ચોડેલ છે.

૨.૮) આ કામના વાદીએ જરૂરી દસ્તાવેજો દ.પુ.લીસ્ટ સાથે રજુ કરેલ છે તેમજ પ્રતિવાદીને આપવાની નકલો રજુ રાખેલ છે.

**૩.) કેસની કાર્યવાહી:**

વાદીએ હાલનો દાવો દાખલ કરતાં પ્રતિવાદીને સમન્સ બજવણી આંક:૦૫ થી થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી હાજર થઈ મુદ્દત અરજી આપેલ છે ત્યારબાદ તેઓને પુરતી તક આપવા છતા દાવાનો કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી કે સદર કામે પુરાવો રજુ કરેલ નથી. વાદીના દાવાની તકરારી બાબતનો આંક:૦૬ થી અત્રેની કોર્ટ ઈસ્યુ ફ્રેમ કરેલ.

**૪.) મુદ્દા:**

આ કામે વાદીની દાવા અરજી તથા પ્રતિવાદીઓનાં લેખિત જવાબ લગત તકરારી બાબતોનાં ન્યાયિક નિર્ણય માટે આંક: ૦૬ થી મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

:૧: શુ વાદી પુરવાર કરે છે કે, વાદી કંપનીના અધિકારી તા.૧૫-૩-

૨૦૨૩ ના રોજ સુરેન્દ્રનગર પ્રતિવાદીના ઘરે વીજ ચેકીંગ કામગીરી કરતા પ્રતિવાદી ગ્રાહક ન હોવા છતા તેમના ઘરની નજીક આવેલ એલ.ટી.પોલ પરથીલંગર નાખી અનધિકૃત રીતે વીજ વપરાશ કરીવીજ ચોરી કરતા માલુમ પડેલ છે?

:૨: શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ જોડાણ કરી બીનઅધિકૃત વીજ વપરાશ કરી કુલ ૨૯૮૯ વોલ્ટની વીજ ચોરી કરેલ છે?

:૩: શુ વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વીજ ચોરીની રકમ રૃા.૧,૭૯,૯૬૭-૮૦ પૈસા તથા ડી. પી. સી. ચાર્જના

રૂ.૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂ.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા રકમ ભરપાઈ કરેલ નથી?

:૪: શુ વાદી વ્યાજ મેળવવા હકકદાર છે? હા તો કેટલુ ?

:૫: શુ વાદી દાવા અરજીના પેરા–૮ મા માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

:૬: શુ હુકમ અને હુકમનામું ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૫.)** ઉપરોક્ત મુદ્ધાઓના તારણો નીચે જણાવ્યા છે જેના કારણો ચુકાદામાં સવિસ્તાર જણાવેલ છે. ઉપરોક્ત મુદ્ધાનાં જવાબો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) હકારમાં

૩) હકારમાં

૪) હકારમાં, દાવા તારીખથી વાર્ષિક ૮% લેખે.

૫) અંશત: હકારમાં

૬) આખરી હુકમ અનુસાર

**૬.)** ઉપરોક્ત મુદ્ધા લગત વાદી પ્રતિવાદીએ નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**અ) વાદી તરફે મૌખિક પુરાવો :**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | દિપકભાઈ લાલસિંહ રત્નુનું પુરાવાનું સોગંદનામું | ૧૨ |

**બ) વાદી તરફે થી દસ્તાવેજી પુરાવો**

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| **અ.નં.** | **દસ્તાવેજનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ડી.પી.સી.કેલ્કયુલેશન શીટ. | ૧૪ |
| ૨ | પ્રફોર્મા નં. ૧૨ | ૧૫ |
| ૩ | લીગલ નોટિસ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૪ | એકનોલોજમેન્ટ | ૧૭ |
| ૫ | જગ્યાના સ્થળનું રોજકામ | ૧૮ |
| ૬ | ફોટોગ્રાફસ | ૧૯ |
| ૭ | પરિશિષ્ટ–જી પુરવણી બીલ મોકલ્યાનો પત્ર. | ૨૦ |
| ૮ | પુરવણી બીલ. | ૨૧ |
| ૯ | એફ.આઈ.આર.નોંધવા માટેનો પત્ર. | ૨૨ |
| ૧૦ | એફ.આઈ.આર. | ૨૩ |
| ૧૧. | એનેક્ષર–સી | ૨૪ |
| ૧૨. | તપાસણી અહેવાલ. | ૨૫ |
| ૧૩. | રોજકામ | ૨૬ |
| ૧૪. | એનેક્ષર–૪ | ૨૭ |

## –:: કા ર ણો ::–

**૭). મુદ્ધા નં. ૧**

(શું વાદી પુરવાર કરે છે કે, વાદીના કંપનીના અધિકારી તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ રાજપર પ્રતિવાદીના ઘરે વીજ ચેકીં ગ કામગીરી કરતા પ્રતિવાદી ગ્રાહક ન હોવા છતા તેમના ઘરની નજીક આવેલ એલ.ટી. પોલ પરથી લંગર નાખી અનધિકૃત રીતે વીજ વપરાશ કરી વીજ ચોરી કરતા માલુમ પડેલ ?)

**૭.૧) વાદી તર્ફે રજુઆત:**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ધોરણસરના ગ્રાહક નથી.આ કામના પ્રતિવાદીએ ઘરવપરાશ લગતી વીજવપરાશ કરેલ છે. પ્રતિવાદીનો વીજ જોડાણનો પ્રકાર રહેણાંક છે. મકાનની નજીકમાં આવેલ એલ.ટી લાઈન પરથી સર્વિસ વાયર પીળા કલરનો ઉપયોગ કરી તેના ધ્વારા લંગર નાખી વીજ ચોરી કરતા માલુમ પડેલ છે.

**૭ .૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૬ થી મુદ્ધાને ધ્યાને લેતાં મુદ્ધા નં. ૧ એ

વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૭.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે વાદી દિપકભાઈ લાલસિંહ રત્નુ(નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ.)નાઓએ આંક: ૯ થી રજુ કરેલ પુરાવાના સોગંદનમામા જણાવેલ છે કે,આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ધોરણસરના ગ્રાહક નથી. આ કામના પ્રતિવાદી એ ઘરવપરાશ લગતી વીજ ચોરી કરેલ છે. મકાનની નજીકમાં આવેલ એલ.ટી. લાઈન પર પીળા કલરના સર્વિસ વાયરનો ઉપયોગ કરી લંગર નાખી વીજ ચોરી કરતા માલુમ પડેલ છે. વાદી તર્ફે આંક-૨૩ થી પોલીસ ઈન્સપેક્ટરશ્રી જી.યુ.વી.એન.એલ સુરેન્દ્નગરને વીજ ચોરીની ફરિયાદ નોંધવા બાબતે કરેલ એફ.આઇ.આરની નકલ રજુ કરેલ છે. આંક-૨૫ થી તપાસણી અહેવાલ રજુ કરેલ છે જેમાં ગ્રાહકનું નામ પુનીતાબેન સુરેશભાઈ શેઠ છે. આંક- ૨૬ થી સ્થળ રોજકામ રજુ કરેલ છે જેમા આ કામના પ્રતિવાદીનું નામ પુનીતાબેન સુરેશભાઈ શેઠનું નામ દર્શાવેલ છે.

**૭.૪)** વધુ પ્રતિવાદી તર્ફે સદર વાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીએ વાદીનાઓની સોંગદપરની હકિકતોને ડીનાઈલ લીધેલ નથી. વધુમાં પ્રતિવાદીએ વાદીએ આપેલ પુરાવાની હકિકતોને નકારી તે લગત કોઈ રીબેટેબલ (ખંડનકર્તા) કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, વાદી દ્વારા રજુ કરેલ પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

**૭.૫) કોર્ટનુ તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને વાદી તર્ફે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં, આ કામે વાદીએ એ હકિકત પુરવાર કરેલ છે કે,પ્રતિવાદી વાદી કંપની ના ગ્રાહક ન હોવા છતા તેમના ઘરની નજીક આવેલ એલ.ટી. પોલ પરથી લંગર નાખી અનધિકૃત રીતે વીજ વપરાશ કરી વીજ ચોરી કરેલ છે આમ,

મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**૮.) મુદ્ધા નં.૨ અને મુદા નં.૩**

(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ જોડાણ કરી બીન અધિકૃત વીજ વપરાશ કરી કુલ ૨૯૮૯ કીલો વોટની વીજ ચોરી કરેલ છે ?)

(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વીજ ચોરીની રકમ રૂા.૧,૭૯,૯૬૭–૮૦ પૈસા તથા ડી.પી.સી. ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા રકમ ભરપાઈ કરેલ નથી ?)

**૮.૧) વાદી તર્ફે રજૂઆત**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, પ્રતિવાદી પાસે વીજ ચોરી બીલના રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા બાકી લેણા રહે છે જે પ્રતિવાદીએ વાદી કંપનીને નિયત સમયમાં વસુલ આપેલ ન હોય ડી.પી.સી. ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા. ૨,૧૮,૩૧૧ –૦૨ પૈસા વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે બાકી રહે છે. જે પ્રતિવાદીએ વાદી કંપનીને વસુલ નહી આપતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને તે અંગે લીગલ નોટિસ આપેલ જે નોટિસ બજી ગયેલ છે. તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા આ કામના પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી.

**૮. ૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૦૬ થી મુદ્ધાને ધ્યાને લેતાં મુદ્ધા નં. ૨ થી વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૮.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે વાદી દિપકભાઈ લાલસિંહ રત્નુ (નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ.) નાઓએ આંક: ૯ થી રજુ કરેલ પુરાવાના સોગંદનમામા જણાવેલ

છે કે, પ્રતિવાદી પાસે વીજ ચોરી બીલના રૂા. ૧ ,૭૯,૯૬૭–૮૦પૈસા બાકી લેણા રહે છે જે પ્રતિવાદીએ વાદી કંપનીને નિયત સમયમાં વસુલ આપેલ ન હોય ડી.પી.સી. ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા. ૨,૧૮,૩૧૧–૦૨ પૈસા વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે બાકી રહે છે. જે પ્રતિવાદીએ વાદી કંપનીને વસુલ નહી આપતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને તે અંગે લીગલ નોટિસ આપેલ જે નોટિસ બજી ગયેલ છે. તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ રૂા. ૨,૧૮,૩૧૧ –૦૨ પૈસા વસુલ આપેલ નથી. વાદીએ આંક–૧૪ થી ડી.પી.સી કેલક્યુલેશન શીટ રજુ કરેલ છે.જેમાં ડેપ્યુટી એન્જીનીયર સુ.નગર નાઓની સહી છે.આંક–૨૧ થી સપ્લીમેન્ટરી બીલ રજુ કરેલ છે જેમાં જેમાં ડેપ્યુટી એન્જીનીયર સુ.નગર નાઓની સહી છે.

૮.૪) વધુમાં આ કામે પ્રતિવાદીએ આપેલ વીજ વપરાશની લેણી રકમ વાદીને ચુકવેલ હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો કે મોખિક પુરાવો રજુ કરેલ નથી. વાદીની તરફે રજુ થયેલ પુરાવોનો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. આમ, વાદીનો પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

*In the case of LAWS(SC)-1999-3-34 AD(SC)-1999-3-37 Civil **(VIDHYADHAR** VERSUS **MANKIKRAO )** held that, "WHERE a party to the suit does not appear into the witness box and states his own case on oath and does not offer himself to be cross examined by the other side, a presumption would arise that the case set up by him is not correct as has been held in a series of decisions passed by various High Courts and the Privy Council beginning from the*

*decision in Sardar Gurbaksha Singh v. Gurdial Singh, AIR 1927 PC 230. This was followed by the Lahore High Court in Kirpa Singh v. Ajaipal Singh, AIR 1930 Lahore 1 and the Bombay High Court in Martand Pandharinath Chaudhari v. Radhabai Krishnarao Deshmukh, AIR 1931 Bombay 97. The Madhya Pradesh High Court in Gulla Kharagjit Carpenter v. Narsingh Nandkishore Rawat, AIR 1970 Madh Pra 225, also followed the Privy Council decision in Sardar Gurbakhsh Singh's case (AIR 1927 PC 230) (supra). The Allahabad High Court in Arjun Singh v. Virender Nath, AIR 1971 Allahabad 29 held that if a party abstains from entering the witness box, it would give rise to an inference adverse against him. Similarly, a Division Bench of the Punjab and Haryana High Court in Bhagwan Dass v. Bhishan Chand, AIR 1974 Punj and Har 7, drew a presumption under Section 114 of the Evidence Act against a party who did not enter into the witness box. (Para- 8)*

**૮.૫) કોર્ટનું તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને પ્રતિવાદી વાદી કંપનીના વીજગ્રાહક ન હોય વીજ ચોરી બીલના રૂા. ૧ ,૭૯,૯૬૭–૮૦ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા

બાકી લેણી રકમ નીકળે છે જે રકમ પ્રતિવાદીને નોટીસ આપવા છતા બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી. ચાર્જીસ રકમ ભરપાઈ કરેલ નથી રકમ બાકી પડેલ છે તે હકિકત પુરવાર થાય છે. મુદ્ધા નં. ૨ તથા મુદા નં.–૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**૯.) મુદ્ધા નં. ૪**

**(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલું.)**

**૯.૧) વાદી તર્ફે રજૂઆત**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, મુદલ રકમ રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા તેમજ ડી.પી.સી ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા તથા દાવા તારીખથી ૧૮% ના ચડત વ્યાજ સહિત અપાવવા અરજ છે.

**૯.૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૦૬ થી મુદ્ધાને ધ્યાને લેતાં મુદ્ધા નં. ૪ એ વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૯.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સબબ કામે ઉપરોક્ત મુદ્ધા નં. ૧ થી ૩ માં કરેલ ચર્ચા અનુસાર વાદી પોતાની લેણી રકમ વસૂલ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરેલ છે.

૯.૪) વધુમાં વાદીએ લેણી રકમ પેટે ૧૬% વાર્ષિક લેખે વસૂલ મેળવવા દાદ માંગેલ છે. વાદી ૦૮% લેખે વ્યાજ વસૂલ મેળવવા હકકદાર હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાઈ આવે છે.

૯.૫) આમ, વાદીએ પ્રતિવાદી પાસે રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા લેણી રકમ તથા તે પર ૦૮% વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**૯.૬) કોર્ટનું તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને વાદી દાવા અરજી લગત મુદ્દા નં. ૧ અનુસાર વાદીએ પ્રતિવાદીને વીજ કનેકશન આપેલ ન હોય અને તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર ન હોવાની હકિકત પુરવાર કરેલ છે. તેમજ ઉપરોક્ત મુદ્ધાનં. ૨ અન્વયે કરેલ ચર્ચા અનુસાર પ્રતિવાદી વીજ વપરાશની રકમ ભરવામાં કસુર કરેલ હોવાનુ પુરવાર થાય છે. મુદ્ધા નં. ૩ અનુસાર વાદી પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા વસુલ લેવા હકકદાર છે તે હકિકત પુરવાર કરેલ છે. તેમજ મુદ્દા નં.૪ અનુસાર વાદી પ્રતિવાદી પાસે રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા જે ૦૮% લેખે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, મુદ્દા નં. ૪ નો જવાબ અંશત હકારમાં આપવામાં આવે છે.

**૧૦.) મુદ્ધા નં.૫ ( દાદના મેળવવા હકકદાર?)**

**૧૦.૧)** વાદીની દાવા અરજી લગત મુદ્દા નં.૧ અનુસાર પ્રતિવાદીને વાદી કંપની દ્ધારા વીજ કનેકશન આપવામાં આવેલ હોય તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર હોવાની હકિકત પુરવાર કરેલ છે. તેમજ ઉપરોક્ત મુદ્ધાનં. ૨ અન્વયે કરેલ ચર્ચા અનુસાર પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજ ગ્રાહક હોય ન વીજ ચોરી બીલના રૂા. ૧,૭૯,૯૬૭–૮૦ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા. ૩૮,૩૪૩–૨૨ પૈસા મળી કુલ રકમ રૂા. ૨,૧૮,૩૧૧ –૦૨ પૈસા બાકી લેણી રકમ નીકળતી હોવાની હકિકત પુરવાર કરેલ છે. મુદા નં.૩ નુસાર વાદીએ પ્રતિવાદીને બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી ચાર્જના રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપવા છતાં ભરપાઈ કરેલ ન હોવાની હકિકત પુરવાર કરેલ છે.મુદા નં.૪ અનુસાર વાદી કંપની પ્રતિવાદી પાસેથી વીજ ચોરીના રૂા.૨,૧૮,૩૧૧–૦૨ પૈસા પ્રતિવાદી પાસે ૦૮% લેખે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. મુદ્ધા નં.૬ નો જવાબ તે રીતે આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ::**

૧.) વાદીની દાવા અરજી નીચેની શરતે અંશત: મંજૂર કરવામાં આવે છે.

૨.) આથી વાદી પુનીતાબેન સુરેશભાઈ શેઠ પાસે રૂા.૨,૧૮,૩૧૧ –૦૨ પૈસા વસુલ લેણી પેટે ૦૮% વ્યાજ દરે દાવો દાખલ કર્યાથી પ્રતિવાદી (લેણી રકમ તથા વ્યાજ) ચુકવી ન આપે ત્યાં સુધી ચડયે ચડયા લેણી રકમ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩.) ખર્ચે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪.) હુકમ મુજબનું હુકમનામું દોરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૭મી, માહે માર્ચ સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.: ૧૭/૦૩/૨૦૨૬

( તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)
ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, સુરેન્દ્રનગર
જજ કોડ – જીજે ૦૧૩૯૯